# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૩

સપ્ટેંબર ૨૦૨૧

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો** ૨૦

૧. આનાથી આશ્ચર્યચકિત થઈ રાજાએ પણ જૈન ધર્મ સ્વીકાર્યો અને તે .................. બન્યો.
૨. સર્વવિરતિનો ઘાત કરનાર................ કષાયના ઉદયથી સર્વવિરતિ સ્વીકારવાનું સત્વ ઉત્પન્ન થતું નથી.
૩. ................. ગોચરી સાધુની આરાધનામાં વૃદ્ધિ કરનારી બને છે.
૪. કાળ પૂરો થયા પહેલા પણ બુદ્ધિ પૂર્વક................. કરી શકાય છે.
૫. ..................જીવના હૃદયમાં જિનભક્તિ સાથેજ ગુરૂભક્તિ પણ વસેલીજ હોય છે.
૬. ભવિક જીવને આનંદ આપનારું અને................. ની પરંપરાનાં મૂળ કારણ રૂપ છે.
૭. તત્વ અને ધર્મને જાણ્યા પછી................. ગુણસ્થાને આ પ્રવૃત્તિ મંદ બની જાય છે.
૮. આહાર મેળવવા માટે શ્રાવક આગળ દીનતા પ્રગટ કરે તે દોષ કહેવાય.
૯. કષાય છે ત્યાં સંસાર છે અને સંસાર છે ત્યાં કષાય છે, તેથીજ તો આપણો સંસાર................. ચાલી રહયો છે.
૧૦. તેમને યાદ કરનારનાં..............વિપત્તિઓ અન દુઃખો નાશ પામે છે.
૧૧. રાગ અને દ્વેષના કડવા પરિણામનું ચિંતવન એની વિચારણા તે.................. ધર્મધ્યાન છે.
૧૨. કોઈની પાસેથી ઝુંટવીનો લાવેલી વસ્તુ આહારાદિ સાધુને વહોરાવે તે ............... કહેવાય છે.
૧૩. વાયુકાયમાં ઉત્તર વૈક્રિયની રચના અને...................બન્ને સ્વયંમેવ જ થઈ જાય છે.
૧૪. .................. મેળવવાની જિજ્ઞાસાથી કયાંક દોષનું સેવન ન થઈ જાય એની કાળજી રાખવી જોઈ એ.
૧૫. નરકગતિમાં ભય અને....................વિશેષથી હોય છે.
૧૬. જીવોને કિલામણા કરી જે આહારાદિ બનાવવામાં આવે તે ................... કહેવાય.
૧૭. પાંચ પ્રમાદ સહિતનું જે સાધુ જીવન તે ....................... છે.
૧૮. .................. ઉત્પન્ન થવાના કારણભૂત જે પુદ્ગલો છે તે દ્રવ્યલેશ્યા છે.
૧૯. સાધુના નિમિત્તથી બજારમાંથી કોઈ પણ, વસ્તુ વેચાતી લાવે અને સાધુને વહોરાવે તે ................ કહેવાય.
૨૦. કેટલીક વસ્તુઓ આપણા વપરાશમાં કયારેય આવતી નથી છતાં આપણે.............એનો ત્યાગ પણ નથી કરી શકતા.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. ઉત્કૃષ્ટ દેશવિરતિધર શ્રાવક શેનો ત્યાગી હોય છે ?
૨. વજ્રમુનિએ શું જાણીને ભિક્ષા સ્વીકારી નહિ ?
૩. સાધુને આહારાદિ વહોરવવાથી કયું પુણ્ય બંધાય છે ?
૪. કોના ઉપદ્રવ કરવાથી પણ પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનથી ચલાયમાન ન થયા ?
૫. લેશ્યા એટલે જીવનો શું ?
૬. ઘરમાં બનાવેલ રસોઈમાંથી સાધુને વહોરાવવાના નિમિતે રસોઈ જુદી કાઢી રાખે તે કયો દોષ કહેવાય ?
૭. અહિંસાના પ્રતિપાલકના રૂપે કયો રાજા પ્રસિદ્ધ છે ?
૮. કયા સૂત્રમાં શ્રાવક અને સાધુના લાગતા દોષોનું વર્ણન આવે છે ?
૯. ઇન્દ્ર મહારાજાની પ્રદક્ષિણાના કારણે પર્વત શું કહેવાયો ?
૧૦. બધા જીવ શેના દાસ છે ?
૧૧. અભક્ષ્ય, અકલ્પ્ય, અયોગ્ય જે લેવી સાધુને કલ્પે નહિ એ લે તો કયો દોષ લાગે ?
૧૨. અર્ધચન્દ્રના આકારવાળુ સંસ્થાન કયુ હોય છે ?
૧૩. ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિંતન કરવું એ કયું ધર્મધ્યાન છે ?
૧૪. શાસ્ત્રમાં સાધુને વિધિપૂર્વક આહાર ગ્રહણ કરવાની વાત શું ટકાવી રાખવા માટે કહી છે ?
૧૫. કંઈ ગતિમાં પરિગ્રહ અને લોભસંજ્ઞા વિશેષ હોય છે ?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) જુવઈહિં ૨) વિગલા ૩) રિક્ખ ૪) ષટકર્મ ૫) વિઉવ્વણાકાલે ૬) ઘાલમ્બનો ૭) તાણં ૮) નાણવિહ
૯) ણમંસિયં ૧૦) પયડં ૧૧) ચઉરંસા ૧૨) અવ્રતો ૧૩) તીર્વોદયે ૧૪) નિહાણં ૧૫) અસંઘપણા ૧૬) એઅસ્સ
૧૭) કારા ૧૮) પસમેઉ ૧૯) શ્રાદ્ધ ૨૦) મણુઆણં

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) પૃથ્વીકાય | ૧) શ્રીદેવી | ૬) દેશવિરતિધર | ૬) દુષ્ટગ્રહ |
| ૨) ઝેર | ૨) સેવાર્ત | ૭) હિમવંત પર્વત | ૭) શોકચિન્તા |
| ૩) છર્દિત | ૩) અનંતકાય | ૮) પદ્મલેશ્યા | ૮) અફીમ |
| ૪) કુસ્વપ્ન | ૪) પીળો વર્ણ | ૯) સ્વરસુકંદ | ૯) અર્ધચન્દ્રકાર |
| ૫) આર્તધ્યાન | ૫) ઉન્મિશ્ર | ૧૦) વિકલેન્દ્રિય | ૧૦) અનુકંપા |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) દેશવિરતિધર શ્રાવક જો પરિણામની ધારાએ સાધુ જેવો હોય એ જઘન્યથી કયા ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે ?
૨. સ્તોત્રના મધ્યમાં કેટલા અક્ષરોથી યુક્ત મંત્ર છે ?
૩. જ્યોતિષચક્રના દેવોને છોડીને બાકી બીજા દંડકોને કેટલી લેશ્યો હોય છે ?
૪. વજસ્વામીને પાટલીપુત્રના ધનશ્રેષ્ઠીએ કેટલી મિલ્કત આપવા ચાહી ?
૫. ચોથા ગુણસ્થાનમાં રહેલ જીવની કેટલી પ્રકૃતિ ઉદય અને ઉદીરણામાં હોય છે ?
૬. મનુષ્ય દ્વારા બનાવેલ ઉત્તર વૈક્રિય શરીર કેટલી મિનીટ સુધી ટકી શકે છે ?
૭. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને કુલ કેટલી વસ્તુઓ ક્યારે પણ નહીં કલ્પે ?
૮. બધા મળીને કુલ કેટલા દોષ છે જે ગોચરીને અશુદ્ધ કરે છે ?
૯. તેઉકાય કેટલી લેશ્યાવાળા હોય છે ?
૧૦. દેશવિરતિ ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિનો બંધ થાય છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાક્યો સાચા (✓) છે કે ખોટા (×) તે જણાંવો.** ૧૦

૧. દેશવિરતિધર જ્યારે સર્વવિરતિનો સ્વીકાર કરે છે ત્યારે છઠ્ઠા ગુણસ્થાનકથી સાતમાં પર આવે છે ?
૨. તિર્યંચોને વિશેષથી આહાર અને માન સંજ્ઞા હોય છે.
૩. આ સ્તવનના કર્તા શ્રી મરુતુંગ આચાર્યના પાપના ત્રણ ભુવનના લોકોએ જેના ચરણ પૂજેલા છે એવા શ્રીપાર્શ્વનાથ ભગવાન શમન કરો.
૪. નીલલેશ્યા નીલવર્ણની અને અલ્પ ક્રૂર પરિણામવાળી હોય છે.
૫. શાસનની ઉન્નતિ અને જય જયકાર માટે એ રથયાત્રા, સંઘપૂજા, તીર્થયાત્રા મહોત્સવ આદિ અનુષ્ઠાન કરતા રહે છે.
૬. માટી, પાણી, સચિત ધાન્યાદિના સંઘટ્ટે રહેલી અચિત વસ્તુ સ્વીકારે તો મૃક્ષિત દોષ કહેવાય છે.
૭. વજસ્વામીએ સોપારક નગરમાં ઇશ્વરી નામની સ્ત્રી લક્ષ મૂલ્યવાળા ચોખાને રાંધીને તેમા ઝેર મેળવવાનો વિચાર કરી રહી હતી તેને અટકાવી.
૮. ચર્મચક્ષુથી આપણને બાદર એકેન્દ્રિયના એક એક જીવનો કોઇ આકાર કે આકૃતિ દેખાતી નથી.
૯. દેશવિરતિધર જેમ જેમ આરાધનામાં આગળ વધતો જાય છે. તેમ તેમ રૌદ્ર અને આર્તધ્યાન મંદ પરિણામી બને છે.
૧૦. પાલાભાજી, મેથી, કોથમીર વગેરે નો ઉપયોગ ચૈત્ર સુદી ચોથે કરી શકે છે.

**પ્રશ્ન-૭ નીચેના વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) પોતાના પ્રમાદ માટે દુઃખ થયું અને અલ્પ આયુષ્ય છે એમ જણાયું.
૨. નવકારસીથી માંડીને વરસીતપ પર્યંતના તપને જાણે.
૩. આવા પ્રકારની સુક્ષ્મ જાણકારી આપણને પાપથી બચાવે છે તથા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોનો લાભ લેવામાં સહાયભૂત થાય છે.
૪. શ્રી પાર્શ્વનાથને જે મનમાં સંભારે છે, તેને વ્યાધિ તથા મોટું દુઃખ થતું નથી.
૫. જો તમે શ્રાવક યોગ્ય આહાર બનાવો તો સાધુ ક્યારેય તમારા ઘરેથી ખાલી હાથે ન જાય.
૬. ચાર ભાંગામાં પ્રથમ ત્રણ ભાંગા અશુદ્ધ છે, તેવી વસ્તુ લેવી સાધુને ન કલ્પે.
૭. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને નારકીને હુંડક સંસ્થાન હોય છે.
૮. અરિહંત પરમાત્માની અપૂર્વભક્તિ એના અંતરમાં વસેલી છે.
૯. બધું તૈયાર હોય છતાં સાધુ-સાધ્વીજી ભગવંતોને કલ્પે એવી એક પણ વસ્તુ ન હોય.
૧૦. ઇન્દ્રિયદ્વાર સહેલું છે, મનુષ્યોને સાત સમદ્ઘાત હોય છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) ધર્મધ્યાનના કેટલા ભેદ છે, એમાંથી બે ના સંક્ષિપ્ત માં વર્ણન કરો ? ૨) વજસ્વામીની મહાપ્રભાવકતાના વિષયમાં બતાવો ?
૩) સાધુ અને શ્રાવક જાગૃત ન હોય તો કયાં દોષ લાગે છે, બેનું વર્ણન કરો ?
૪) સંજ્ઞાદ્વારના વિષયમાં બતાવો ? ૫) સ્તોત્રના પ્રભાવથી શું શું થાય છે ?

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**

શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayaacademy.com